# બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ચાલીસ વર્ષ




લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : Lyn Doerksen



60 વાર્તા 12

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી

Gujarati



જ્યારે ઈશ્વરે ઈસ્રાએલીઓને મિસરમાંથી છોડાવ્યા ત્યારે મુસા દરેક વ્યક્તિને પ્રભુના ભજનમાં દોરી ગયો. તેણે સ્તુતિનું ગીત બનાવ્યું. "હું યહોવાહની આગળ ગીત ગાઈશ કારણ કે તેણે મહિમાવત રીતે વિજય મેળવ્યો છે." ઈસ્રાએલ માટે ઈશ્વરે જે મહાન કાર્યો કર્યા હતા તેના માટે મુસાએ ગીત ગાયું.








અરણ્યમાં ત્રણ દિવસ ફર્યા પછી તેમને પાણીનો ઝરો મળ્યો. પણ તેઓ એ કડવું પાણી પી શક્યા નહીં. પ્રાર્થના કરવાને બદલે તેમણે કચકચ કરી. ઈશ્વર દયાળુ હતો. તેણે આ પાણીને પીવા લાયક કરી દીધું.





લોકો લગભગ દરેક બાબત માટે કચકચ કરી. “મિસરમાં અમને ખાવાનું મળતુ હતું. અહીં અરણ્યમાં અમે ભૂખથી મરી જઈશું.” તે લોકો કકળાટ કરવા લાગ્યો. તે સાંજે ઈશ્વરે તેમને ખાવા માટે લાવરી નામના પક્ષીઓ મોકલ્યા. લોકો તેમને સહેલી રીતે પકડી શક્યાં.

3

બીજા દિવસે ઈશ્વરે માન્ના મોકલી આપ્યું. તે એક પ્રકારની રોટલી જેવું હતું. તેનો સ્વાદ મધથી ચોપડેલી પોળી જેવો લાગતો હતો.



દરરોજ સવારે જમીન પર માન્ના પડતું, જે કોઈ પણ વીણી શકે તેમ હતું. એ રીતે અરણ્યમાં ઈશ્વરે તેમને ભોજન પુરું પાડ્યું.

4

દરરોજના નવાં ભોજન માટે તેઓને ઈશ્વર પર ભરોસો મૂકવો પડતો. ઈશ્વરે તેમને આજ્ઞા આપી હતી કે માન્ના વધારે પડતું લેશે તો ગંધાઈ ઉઠશે, છતાં પણ અમુક લોકોએ વધારે પડતું એકઠું કર્યું.



5

જે લોકો આગલા દિવસે વધુ માન્ના એકઠું કરતા તો ચોક્કસ તે કીડાથી ભરપૂર બની જતું. પણ સાબ્બાથ પર એવું ન થતું. કારણ કે સાબ્બાથના સાતમાં દિવસે લોકો આરામ કરતા અને આગલા દિવસનું માન્ના ખાઈ શકતા.



6

અરણ્યમાં ઈશ્વરે ઈસ્રાએલપુત્રોની સંભાળ રાખી. ઈશ્વરે તેમને ખોરાક અને પાણી પૂરા પાડ્યા, અને શત્રુઓથી રક્ષણ કર્યું.

જ્યારે અમાલેક લોકોએ હુમલો કર્યો તે સમયે જ્યારે મુસાએ તેની લાકડી ઉપર પકડી રાખી ત્યાં સુધી ઈસ્રાએલીઓ તેમની ઉપર જીતતા રહેતા હતાં.



7



ઈશ્વરે ઈસ્રાએલપુત્રોને જણાવ્યું કે, “જો તમે મારી વાણી સાંભળશો તો તમે મારી ખાસ પ્રજા બનશો.” “ઈશ્વર જે કંઈ કહે છે તે અમે બધુ કરીશું.” લોકોએ મુસાને કહ્યું, લોકો સિનાઈ પર્વતની નીચે આવીને, મુસા જે ઈશ્વરને મળવા ગયો હતો તેની રાહ જોતા ત્યાં ઉભા રહ્યાં.

8



પહાડ પર મુસા ઈશ્વર સાથે ચાલીસ દિવસ સુધી રહ્યો. પથ્થરની બે પાટી પર ઈશ્વરે દસ આજ્ઞાઓ લખી. તેણે મુસાને જણાવ્યું કે તે તેના લોકોને કહે કે ઈશ્વર કેવુ જીવન ઈચ્છે છે.

9




10




11



જ્યારે મુસા સિનાઈ પહાડ પર ઈશ્વરની સાથે હતો ત્યારે ઈસ્રાએલ લોકોએ ભયંકર ખરાબ કામ કર્યું. તેઓએ હારૂનને સોનાનો વાછરડો બનાવવા હૂકમ કર્યો. અને તેઓએ તેની પૂજા કરી. ઈશ્વર તે બાબત વિષે ગુસ્સે થયો. અને મુસા પણ ...

12



જ્યારે મુસાએ સોનાનો વાછરડો જોયો અને લોકો તેની આગળ નાચતા જોયા ત્યારે તેણે પાટીઓ જમીન પર ફેંકી દીધી. ખૂબ જ ગુસ્સામાં આવીને તેણે સોનાના વાછરડાના ટુકડે ટુકડા કરી દીધા. જે દુષ્ટ વ્યક્તિઓએ તેનું ભજન કર્યું તેમને મારી નાંખ્યાં.

13

ઈશ્વરે ફરી બે પથ્થરની પાટીઓ બનાવી આપી. ઈશ્વરે મુસાને કહ્યું કે તે મુલાકાત મંડપ બનાવે - મોટો મંડપ જેની આસપાસ વાડ હોય... જેમાં ઈશ્વર તેના લોક માટે રહેશે. તેઓએ ત્યાં ઈશ્વરનું ભજન કરવાનું હતું. મેઘસ્થંભ અને અગ્નિસ્થંભ દર્શાવતા કે ત્યાં ઈશ્વરની હાજરી ચોક્કસ છે.





14

જ્યારે તેઓ કનાન નજીક પહોંચ્યા ત્યારે મુસાએ બાર જાસુસોને મોકલ્યા કે જેથી તેઓ ઈશ્વરના વચનની ભૂમિની બાતમી લાવી શકે. બધા જાસૂસોએ કહ્યું કે તે જગ્યા ખૂબ જ સુંદર છે. પણ યહોશુઆ અને કાલેબ બે જ વ્યક્તિઓને વિશ્વાસ હતો કે તેઓ ઈશ્વરની મદદથી જે જગ્યાને જીતી શકશે.



15

બાકીના દસ જાસૂસો ત્યાંના મજબૂત શહેરો અને અનાકપુત્રોથી ડરી ગયા હતાં. "આપણે એ જગ્યાને જીતી શકીશું નહિં." તેમણે શોક કર્યો.

ઈશ્વરે તેમને મિસરમાંથી છોડાવવા જે અદ્દભૂત કામો કર્યા હતા તે ભૂલી ગયા હતા.



16

લોકો આ દસ અવિશ્વાસી જાસૂસો પર ભરોસો મૂક્યો. તેઓ બૂમ પાડી અને મિસરમાં પાછા જવા તૈયાર થઈ ગયા. તેઓએ મુસાને મારી નાંખવા પણ પ્રયત્ન કર્યો.



17

ઈશ્વરે મુસાનું જીવન બચાવ્યું. ત્યારબાદ તેણે કહ્યું કે, "ચાલીસ વર્ષ સુધી તમે અરણ્યમાં ફરશો. ફક્ત કાલેબ, યહોશુઆ અને તમારા બાળકો આ જગ્યા જેને તમે ધિક્કારો છો તેમાં પ્રવેશ કરશે."



18

ચાલીસ વર્ષ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

નિર્ગમન ૧૫ થી ગણના ૧૪

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.